**SHREE VASISHTHA VIDHYALAYA**
**Gujarati 2nd Language Worksheet 2024-25**

Name : - ____________________ Std.:- IV - ________

Roll No. :-________ Worksheet No.PA2-01 Date : - ________

## ગદ્યાંશ

છોડ - વૃક્ષો પ્રકૃતિનું અમૂલ્ય વરદાન છે. તે આપણી જરૂરિયાતો તો પૂરી કરે જ છે સાથે સાથે પર્યાવરણને પણ સંતુલિત રાખે છે. કેટલીક વનસ્પતિઓ પોતાની સુગંધથી ઓળખાય છે. તે ચારે બાજુ સુગંધ પ્રસરાવીને વાતાવરણને પ્રફુલ્લિત અને ખુશનુમા બનાવે છે. કેસર, ફૂદીનો, નીલગીરી વગેરે આવી જ વનસ્પતિઓ છે. કેસર દુનિયાનો સૌથી કિંમતી છોડ છે. તે ખાવામાં કડવું હોય છે, પણ તેની સુગંધના કારણે તે ઘણી મીઠાઈઓ તથા વાનગીઓમાં નાખવામાં આવે છે. તે વાનગીને પીળો રંગ આપે છે. સુગંધ સાથે તેનું ઔષધીય મહત્વ પણ છે. ચંદનની સુગંધ વિશ્વપ્રસિદ્ધ છે. તે સદાબહાર વૃક્ષ છે. ચંદનમાંથી તેલ, પાવડર, સાબુ વગેરે બને છે. ઘરસજાવટની કેટલીક વસ્તુઓ પણ તેમાંથી બને છે.ચંદનનું અત્તર બધાનું મન મોહી લે છે.

**પ્રશ્ન - ૧. (અ) ઉપરના ગદ્યાંશને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) પ્રકૃતિનું અમૂલ્ય વરદાન શું છે?

છોડ - વૃક્ષો પ્રકૃતિનું અમૂલ્ય વરદાન છે.

૨) કેટલીક વનસ્પતિઓ પોતાની સુગંધ પ્રસરાવીને વાતાવરણને કેવું બનાવે છે?

કેટલીક વનસ્પતિઓ પોતાની સુગંધ પ્રસરાવીને વાતાવરણને પ્રફુલ્લિત અને ખુશનુમા બનાવે છે.

૩) સુગંધિત વનસ્પતિઓના નામ લખો.

કેસર, ફૂદીનો, નીલગીરી, ચંદન વગેરે સુગંધિત વનસ્પતિઓ છે.

૪) દુનિયાનો સૌથી કિંમતી છોડ કયો છે?

દુનિયાનો સૌથી કિંમતી છોડ કેસર છે.

**(બ) ઉપરના ગદ્યાંશને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) ---ચંદન--- ની સુગંધ વિશ્વપ્રસિદ્ધ છે.

૨) કેસર વાનગીને ---પીળો--- રંગ આપે છે.

**પ્રશ્ન - ૨. પાઠના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) આપણે ચિઠ્ઠીના ---ચાકર--- છીએ.

૨) ---સુખ--- દુ:ખ સરવે સહીએ.

૩) નિખિલ ઘરમાં બનેલું ---માખણ--- ખાઈને ખૂબ ખુશ થયો.

૪) ---નેહા--- એક હોંશિયાર વિદ્યાર્થીની હતી.

૫) સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ કરતાં ---૨૮--- ગણું વધારે છે.

Scanned with OKEN Scanner

૬) ગોબર-ગેસસંયંત્રના લીધે ઘરમાં --------માખી--------------- મચ્છર થતાં નથી.

**પ્રશ્ન – ૩. યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

૧) મીરાંબાઈ કયા દેવના પરમ ભક્ત હતાં?

( અ ) ભગવાન રામ    ✓( બ ) ભગવાન કૃષ્ણ    ( ક ) ભગવાન શિવ

૨) કોણ આપણને રામ રાખે તેમ રહેવાનું કહે છે?

✓(અ) મીરાંબાઈ    ( બ ) નરસિંહ મહેતા    ( ક ) દલપતરામ

૩) નિખિલના કાકીજીએ શેનું પાન કરાવ્યું?

( અ ) ચા    ✓( બ ) છાશ    ( ક ) લસ્સી

૪) નિખિલે ક્યા વૃક્ષનું પાંદડું તોડીને સૂંઘ્યું?

( અ ) લીમડો    ✓( બ ) લીંબુ    ( ક ) નારિયેળ

૫) સૂર્યની સપાટીનું તાપમાન કેટલું હોય છે?

(અ) ૬૬૦૦૦ સેલ્સિયસ    ( બ ) ૩૬૦૦૦ સેલ્સિયસ    ✓( ક ) ૬૦૦૦ સેલ્સિયસ

**પ્રશ્ન - ૪. નીચેના વાક્યો ખરા છે કે ખોટા તે ( ✓ ) કે ( × )નિશાની કરી જણાવો.**

૧) બીજ વાવવાની મોસમમાં ખેડૂતો ઘણા વ્યસ્ત હોય છે. ( ✓ )

૨) નિખિલના કાકાજી શહેરમાં રહેતાં હતાં. ( × )

૩) એક દિન પહેરવાને હીરનાં ચીર તો કોઈ દિન સાદા ફરીએ. ( ✓ )

૪) નિખિલ નહાવા માટે કૂવા પર ગયો. ( ✓ )

૫) સૂર્યગ્રહણ વખતે મંદિરોમાં અને આપણે ઘરમાં દેવપૂજા બંધ કરી દઈએ છીએ. ( ✓ )

**પ્રશ્ન - ૫. પાઠના આધારે નીચેના પ્રશ્નોના જવાબ વાક્યમાં લખો.**

૧) મીરાંબાઈ જમવા માટે ક્યું ભોજન હોઈ શકે એમ કહે છે ?

મીરાંબાઈ કહે છે કે કોઈ દિવસ ભોજનમાં ખીર ને પુરી તો કોઈ દિવસ ભૂખ્યાં પણ રહેવું પડી શકે છે.

૨) નિખિલના કાકાજીના દીકરાનું નામ શું હતું?

નિખિલના કાકાજીના દીકરાનું નામ હરદેવ હતું.

૩) કોના પિતાજી શહેરમાં પ્રાધ્યાપક હતા ?

નિખિલના પિતાજી શહેરમાં પ્રાધ્યાપક હતા.

૪) શાળામાંથી સૂર્યગ્રહણ વિશે માહિતી પ્રસ્તુત કરવાનો પ્રકલ્પ કોને મળ્યો હતો?

શાળામાંથી સૂર્યગ્રહણ વિશે માહિતી પ્રસ્તુત કરવાનો પ્રકલ્પ નેહાને મળ્યો હતો.

૫) આપણે નરી આંખે ગ્રહણ જોઈએ તો આંખને શું નુકસાન થાય છે?

આપણે નરી આંખે ગ્રહણ જોઈએ તો આંખના રેટીનાને નુકશાન થાય છે.

૬) ક્યું કાવ્ય આપણને સુખ અને દુઃખ બંનેમાં ઈશ્વર ઈચ્છાને અનુસરીને રહેવાનો સંદેશ આપે છે?

"રામ રાખે તેમ રહીએ" કાવ્ય આપણને સુખ અને દુઃખ બંનેમાં ઈશ્વર ઈચ્છાને અનુસરીને રહેવાનો સંદેશ આપે છે.

Scanned with OKEN Scanner